# કસનપુર ગામમાં મુખ્ય મકાઇ સંશોધન કેન્દ્ર આ.કૃ.યુ., ગોધરા દ્વારા ટ્રાન્સફર ઓફ ટેકનોલોજી અંતર્ગત ખેડૂત શિબિર યોજાઇ

પંચમહાલ જિલ્લામાં મકાઇ મુખ્ય પાક તરીકે વાવેતર કરવામાં આવે છે. તેના વધુ ઉત્પાદન માટે મુખ્ય મકાઇ સંશોધન કેન્દ્ર આણંદ કૃષિ યુનિવર્સિટી ગોધરા દ્વારા તાજેતરમાં મોરવા(હડપ) તાલુકાના **કસનપુર** ગામે ટ્રાન્સફર ઓફ ટેકનોલોજી યોજના હેઠળ તાલીમ શિબિર તા.૨૦/૦૨/૨૦૧૭ ના રોજ યોજાઇ હતી. જેમાં આદિવાસી વિસ્તારના અંદાજીત ૨૦૦ ખેડૂત ભાઇ બહેનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. ખેડૂતોને મકાઇની આધુનિક તાંત્રિકતાઓથી વાકેફ કરવા એ ખૂબ જ અગત્યનું હોઇ ડૉ.એસ.એમ.ખાનોરકર, સંશોધન વૈજ્ઞાનિકશ્રી(મકાઇ)એ મકાઇની કેન્દ્ર ખાતે ભલામણ કરેલી સંકર જાતો તથા ખાસ પ્રકારની મકાઇની જાતો જેવી કે મીઠી મકાઇ, ક્વોલીટી પ્રોટીન મકાઇ, ધાણીની મકાઇ તથા બેબીકોર્ન વિશે ઉંડાણપૂર્વક માહિતી સમજાવવામાં આવી હતી અને તેનું પોષક ખોરાક માટે મૂલ્યવર્ધન પર ભાર મૂકયો હતો જેથી ઓછા સમયગાળામાં વધુમાંવધુ આર્થીક લાભ મળે તેની પણ તાંત્રિક ચર્ચા કરવામાં આવેલ હતી.

પ્રો. કે.એચ.પટેલ, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિકે મકાઇની નફાકારક અને વૈજ્ઞાનિક ખેતી પધ્ધતિ અંગેના ચાવીરૂપ મુદ્દાઓ માટેની તાંત્રિકતાઓ વિગતવાર સમજાવેલ હતી અને બે ફૂટના ગાળે મકાઇ વાવવા માટે ભાર મૂકયો હતો તથા પાકને નિંદામણ મુકત રાખવા જણાવેલ હતું.

ડૉ. ભરતભાઇ ઠક્કરે પ્રથમ હરોળના નિદર્શન અંગેની માહિતી આપી હતી. મોરવા(હડપ) તાલુકાના **કસનપુર** ગામમાં શિબિર કાર્યક્રમનું સંચાલન મુખ્ય મકાઇ સંશોધન કેન્દ્રગોધરાના પ્રો. કે.એચ.પટેલ અને ડૉ. ભરતભાઇ ઠક્કરે કરેલ હતું.




